# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT
૧૫ મી માર્ચ ૨૦૧૭
Vol. 11 No. 3

## ‘રમણ-ભ્રમણ સુવર્ણચંદ્રક’થી પુરસ્કૃત થયેલા
## શ્રી જયંતકુમાર ભાનુશંકર પંડયા



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# મનોજકુમારે ફાળકે એવોર્ડ શા માટે સ્વીકાર્યો ?

**–એન. વી. ચાવડા**

હનુમાન ચાલીસા યંત્રની જાહેરાતમાં જ્યારે મનોજકુમાર પોતાની સીદ્ધીઓ અને સદ્ધરતાનો યશ હનુમાન-ચાલીસા યંત્રને આપે છે ત્યારે એમણે ૨૦૧૬માં દાદાસાહેબ ફાળકે એવોર્ડ સ્વીકારવાનો નહોતો. એમની સીદ્ધી અને સફળતા તો હનુમાનજીની કૃપાને કારણે છે. અર્થાત્ પોતાની સીદ્ધી અને સફળતામાં એમનું પોતાનું તો યોગદાન છે જ નહીં, એમાં યોગદાન મનોજકુમારના ખુદના કહેવા પ્રમાણે હનુમાનજીનું જ છે. મનોજકુમારની આ અપ્રમાણીકતા કેમ ન કહેવાય ? મનોજકુમારે આ એવોર્ડનો ઈન્કાર કેમ નહીં કર્યો ? એ એવોર્ડ હનુમાનજીને આપવાની હીમાયત કેમ નહીં કરી ?

શું મનોજકુમાર હનુમાન ચાલીસા યંત્રની જાહેરાતમાં પોતે હનુમાન ચાલીસા યંત્રની ચમત્કારીક શકતીનું જે વર્ણન કરે છે તેમાં ખરેખર સચ્ચાઇ હોવાનું ખુદ મનોજકુમાર માને છે કે કેમ એ અંગે સવાલ ઊભો થતો નથી ! મનોજકુમારે ફાળકે એવોર્ડ સ્વીકાર્યો એટલે એનો અર્થ એવો થાય કે તેઓ હનુમાનચાલીસા મંત્રની જે ચમત્કારીક શકતીઓની વાતો કરી રહ્યાં છે તે છેતરપીંડી છે. સમાજની આવી છેતરપીંડી બદલ મનોજકુમારને કોઇ પ્રકારની કાયદાકીય સજા થવી જોઇએ કે નહીં ! એટલું જ નહીં. પરંતુ હનુમાનચાલીસા યંત્રના પ્રચારક યાંત્રીક તાંત્રીકને પણ આ છેતરપીંડી બદલ શા માટે સજા નહીં થવી જોઇએ ? દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત કરનારા મહાનુભાવો હનુમાનચાલીસા યંત્રનો પ્રચાર કરનાર મનોજકુમારની પસંદગી કેવી રીતે કરી શકે ? શું મનોજકુમાર હનુમાનચાલીસા યંત્રનો પ્રચાર કરી જે જુઠ અને અપ્રમાણીકતા આચરી રહ્યા છે, અને તે દ્વારા સમગ્ર સમાજને ગુમરાહ કરી છેતરીને માંત્રીકો-તાંત્રીકો દ્વારા લુંટાવા માટે મજબુર કરી રહ્યા છે, તેવા અઘટીત કાર્ય કરનારને આવો મોટો એવોર્ડ કેવી રીતે આપી શકાય ? આપણાં દેશમાં આ કેવી બેવકૂફી ચાલી રહી છે !

**સત્યાન્વેષણ**

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ**
**પ્રેમ સુમેસરા**
**સુનીલ શાહ**
**સીદ્ધાર્થ દેગામી**
**દીલીપ નેમલાવાલા**
**મનસુખ નારીઆ**

**૧૫ માર્ચ, ૨૦૧૭** | **સળંગ અંક : ૩૦૪** | **Vol. 11 No. 3**

**('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)**


### રમણ-ભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત થયેલ

## શ્રી જયંતકુમાર ભાનુશંકર પંડયા

**-સુર્યકાન્ત શાહ**

સત્યશોધક સભાએ 'રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી કર્મશીલોને આભુષીત કરવાનું શરુ કર્યું. છે.તેનો હેતુ એ છે કે અવૈજ્ઞાનીકતામાં રાચતા આપણા સમાજમાં રેશનાલીઝમની મશાલ લઈને કાર્યરત રહેતા આપણા વીરલા રેશનાલીસ્ટોને આપણે એટલી ખાતરી આપી શકીએ કે તેઓ એકલા નથી. તેઓ જે કંઈ કરે છે તે સમાજના કુલ આનંદને વધારવા માટે અનીવાર્ય છે.

રમણભાઈની કોલમને નામે આ સુવર્ણચંદ્રક આપવાનું શરુ કર્યું ત્યારે રમણભાઈએ વધુમાં જણાવ્યું હતું કે કોલમના નામે ચંદ્રક આપવાનું એટલા માટે શરુ કરવાનું કે જે એ સંદેશો આપે કે તેઓશ્રી નહીં, પરંતુ એમના વીચારોને સમાજમાં આગળ ચલાવવાના છે.

દર વર્ષની જેમ આ વર્ષે રેશનાલીઝમના ક્ષેત્રે રાજકોટના કર્મઠ શ્રી જયંતભાઈ પંડયાને આ ચંદ્રકથી વીભુષીત કર્યા તે કેટલી યોગ્ય વ્યકતી છે તે એમના જીવન-કવનના આ ટુંકા બયાનથી વાચકોને સમજાશે.

શ્રી જયંતકુમાર ભાનુશંકર પંડયા, એડવોકેટ ઉ. વર્ષ ૫૯, વ્યવસાય વકીલાત. છેલ્લાં ૩૦ વર્ષથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજ્ઞાન પ્રચાર-પ્રસાર સાથે અંધશ્રદ્ધા નીર્મુલનની રેશનલ પ્રવૃત્તી સાથે તેઓ જોડાયેલા છે. પ્રોફેસર યશપાલના માર્ગદર્શન હેઠળ વર્ષ ૧૯૯૨ માં દેશના ૪૦૦ જીલ્લામાં 'ભારત જન વીજ્ઞાન જાથા'નું સંગઠન કરવામાં આવ્યું ત્યારે સુરત સત્યશોધક

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

સભાના ડો. બી. એ. પરીખ, પ્રો. બાબુભાઈ દેસાઈ અને સીદ્ધાર્થ દેગામીના પરીચયમાં આવતાં આ રેશનલ પ્રવૃત્તીમાં વધુ સક્રીય રીતે એમને જોડાવાનું થયું, અને ત્યાર બાદ તેઓ વીજ્ઞાન જાથામાં રાજ્ય ચેરમેન તરીકે કામગીરી સંભાળી રહ્યા છે.

રાજકોટ ખાતે રાજ્ય કક્ષાના બે રેશનાલીસ્ટ અધીવેશન અને દર વર્ષે જાથાનાં સદસ્યોનું વાર્ષીક અધીવેશન યોજવામાં આવે છે. જેમાં તજજ્ઞો દ્વારા રેશનાલીઝમ, માનવવાદ, અંધશ્રદ્ધા નીર્મુલન, સંબંધીત કાયદાથી તાલીમાર્થીઓને માહીતગાર અને સજ્જ કરવામાં આવે છે.

શ્રી પંડયાના માર્ગદર્શન અને દોરવણી હેઠળ અત્યાર સુધીમાં ૧૦૬૫થી વધુ પર્દાફાસ કરવામાં આવ્યા છે, જેમાં પ્રજાને ભોળવી દોરા-ધાગા દ્વારા ધતીંગ કરતા ધતીંગબાજોને રંગે હાથ પકડી જાહેર જનતા સમક્ષ ખુલ્લા પાડવામાં આવ્યા છે. આશરે ૨૭૦૦થી વધુ ધુણતા અને સવારી કાઢનારાઓને જાહેરમાં બંધ કરાવ્યા છે. દેશ વીદેશમાં, વીવીધ શહેરોમાં તથા સરકારી વીભાગો જેવા કે, પોલીસ તાલીમ ભવન, જેલ, એસ. આર. પી. કેમ્પ, પોલીસ લાઈન તથા ગ્રામ સભાઓમાં જન જાગૃતીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ન્યુઝ ચેનલો દ્વારા શ્રી પંડયાની મુલાકાતો, ગોષ્ઠીઓ તેમ જ ખાસ બનાવના સમયે તેમના વીચારો પ્રસારીત થતા હોય છે.

શ્રી પંડયા વીજ્ઞાન જાથા ઉપરાંત ચીલ્ડ્રન કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, સર ભગતસીંહ લોક વીજ્ઞાન કેન્દ્ર, ધોરાજી, મહાત્મા ગાંધી કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, પોરબંદર, ભારતીય વીદ્યા સેવા સમીતી, સૌરાષ્ટ્ર વીકાસ સમીતી, બાલ વીકાસ મંડળ અને જીવનનગર વીકાસ સમીતીમાં વીશેષ કામગીરી સાથે રેશનલ અને વીજ્ઞાન પ્રવૃત્તીઓ ચલાવી રહ્યા છે.

કચ્છ એસ્ટ્રોનોમી કલબના નીયામક નરેન્દ્ર ગોરના સહકારથી ખગોળ વીજ્ઞાનની પ્રવૃત્તી જેવી કે આકાશ દર્શન, ગ્રહણ અને ખગોળીય ઘટનાઓની સાચી માહીતી લોકોને આપવામાં આવે છે.

અત્યાર સુધીમાં સાહસીક પર્દાફાસની કામગીરી અને લોકજાગૃતીના કાર્યક્રમોને લક્ષમાં રાખીને વીવીધ સંસ્થાઓએ શ્રી પંડયાને દશથી વધુ પ્રતીભા એવોર્ડ એનાયત કરેલ છે.

સમાજની સામા પ્રવાહની પ્રવૃત્તીને કારણે શ્રી પંડયા ઉપર કેટલાક તોફાની અને ધર્માંધ તત્ત્વો દ્વારા મરણતોલ હુમલા પણ કરવામાં આવ્યા છે. જેમાં ૨૦૦૩ના અમરેલીના લીલીયા ગામે જ્યોતીષીની આગાહી સામે વીરોધ પ્રદર્શન વખતે, ચાણોદ-ડભોઈ કાલસર્પ વીધીના વીરોધ પ્રદર્શન પ્રસંગે, વડોદરા ખાતે, પશુબલી અટકાવવા જતાં એસીડ અને તલવાર-ધારીયા સાથે થયેલ હુમલાઓ મુખ્ય છે. આથી જ તો યશપાલે અભીપ્રાય આપ્યો હતો કે, 'ગુજરાતમાં જાથાની પ્રવૃત્તીઓ થઈ રહી છે તે જોતાં જાથા યુનીવર્સીટી બનવી જોઈએ.'

આવા વીરલા જયંત પંડયાને 'રમણભ્રમણ સુવર્ણચંદ્રક' આપીને સત્યશોધક સભાએ ગુજરાતમાં રેશનાલીઝમની જડ વધુ મજબુત કરવામાં પોતાનો યથાશકતી ફાળો આપ્યો છે.

# ''ખાટલે મોટી ખોડ''

**-તંત્રી લેખ**

સત્યશોધક સભા છેલ્લા ૧૦-૧૨ વર્ષથી ૨૮મી ફેબ્રુઆરીએ આવતા વીજ્ઞાનદીનને કેન્દ્રમાં રાખી સાહીત્યસંગમના સહયોગથી પાંચ દીવસીય ગોષ્ઠીનું આયોજન કરતી રહે છે. તે નીમીત્તે આ વર્ષે ૨૮મી ફેબ્રુઆરીએ એક શાળામાં વીદ્યાર્થીઓ વચ્ચે 'વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ' પર વીચારગોષ્ઠી નું આયોજન થયું. ધારણા એવી હતી કે વીદ્યાર્થીઓ સાથે જો વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ વીશે વાતો થાય તો આવનારી પેઢીમાં કંઈક અંશે વૈજ્ઞાનીક મીજાજ ખીલવી અને કેળવી શકાય. દેશના બંધારણમાં પણ વૈજ્ઞાનીક અભીગમનો પ્રચાર-પ્રસાર થાય એવી જોગવાઈ થઈ છે. દુ:ખદ આશ્ચર્ય સાથે નોંધવું રહ્યું કે જ્યારે કાર્યક્રમમાં કોઈ અલૌકીક પદાર્થ કે ચમત્કાર પુરવાર થવા જેવી બાબત વીશે પ્રશ્ન પુછાયો ત્યારે વીદ્યાર્થીઓ ઉમળકાભેર તાળીઓ પાડતાં હતાં. વીચાર-ગોષ્ઠીના અંતે એક ભૌતીકશાસ્ત્રના શીક્ષકે પ્રશ્નોત્તરીમાં જ્યારે ગાયની પવીત્રતા, આપણા દેશમાં ગાયના દુધનો ઉપયોગ સર્વાધીક અને ગૌમુત્રનું ઔષધીય મુલ્ય પર તદ્દન બીનપાયેદાર અને અવૈજ્ઞાનીક વાતો કરી ત્યારે વીદ્યાર્થીઓના 'ઉમળકા'ના રહસ્યની ખબર પડી. અમને પેલા શીક્ષકભાઈનાં 'અજ્ઞાન' કરતાં પણ ભાવી પેઢી જેવા વીદ્યાર્થીઓના ભવીષ્યની ચીંતા થઈ. 'કુવામાં હોય તો હવાડામાં આવે.' એ ન્યાયે વીદ્યાર્થીઓ અલૌકીકતા તરફનાં આકર્ષણ માટે અને ચમત્કારના ચમકારા માટે આવા અંધશ્રદ્ધામાં ગળાબુડ શીક્ષકો જવાબદાર હોય છે. નર્મદના જમાનાના શીક્ષક વર્ગખંડમાં કહેતા કે, 'પૃથ્વી સપાટ છે, પણ જ્યારે ગોરો નીરીક્ષક આવે અને પ્રશ્ન પુછે ત્યારે ગોળ કહેવી.' જુના જમાનાની આ વાતમાં આજે કોઈ તાત્વીક તફાવત દેખાતો નથી. જે શીક્ષક અજ્ઞાન, અંધશ્રદ્ધા અને કુરીવાજ તથા બીનપાયેદાર માન્યતાઓમાં ગળાબુડ હોય તે શીક્ષક વીદ્યાર્થીઓને કેવું 'જ્ઞાન' આપી શકે ? આવનાર પેઢી માટે આ પ્રશ્ન મોં ફાડીને ઉભો છે

શીક્ષક મહાશયે પોતાનાં 'અજ્ઞાનનું પ્રદર્શન' કરતા કહયું કે ગાય પવીત્ર પ્રાણી છે. તેનું ગૌમુત્ર ઔષધીય ગુણ ધરાવે છે અને ભારત દેશમાં સૌથી અધીક ગાયનું દુધ પીવાય છે. હવે આ ત્રણેય બાબતો બીનપાયેદાર અને અજ્ઞાન ફેલાવનાર બાબત છે. સમગ્ર

ભારતના ડેરી ઉદ્યોગના આંકડા એવું કહે છે કે આપણાં દેશમાં કે જ્યાં ગાયને પવીત્ર માનવામાં આવે છે ત્યાં ગાય કરતાં ભેંસનું દુધ વધારે વપરાય છે અને પીવાય છે. એ જ ડેરી ઉદ્યોગનું રીસર્ચ એવું કહે છે કે ગાય કરતાં ભેંસનું દુધ વધારે વપરાય છે, અને પીવાય છે. એ જ ડેરી ઉદ્યોગનું રીસર્ચ એવું કહે છે કે ગાય કરતાં ભેંસનું દુધ વધારે ઔષધીય અને ફાયદાકારક હોય છે. રહી વાત ગૌમુત્રની. તો ગૌમુત્ર વીશે આધુનીક સંશોધન ગૌમુત્ર ઔષધીય ગુણ ધરાવે છે એવો કોઈ પ્રકાશ પાડતું નથી. ગાયને પવીત્રતાનો દરજ્જો આપીને એની શી દશા-અવદશા અને અવમુલ્યન આપણે કરીએ છીએ એ સર્વ-વીદીત છે. આપણે ત્યાં જે ગંદુ હોય એને પણ પવીત્ર કહેવાનો રીવાજ છે. એ પછી એ મંદીર હોય, નદી હોય કે ગાય હોય. જે શીક્ષકોના હાથમાં ભાવી પેઢી જેવા વીદ્યાર્થીઓનું ભવીષ્ય રહેતું હોય તે જ શીક્ષકોને જ્યારે 'ઘડવા' પડે એવી પરીસ્થીતી હોય એ કેવી વક્રતા ! જ્ઞાનનો પ્રકાશ પાથરનારા જ જ્યારે અંધકારમાં સબડતા હોય ત્યારે એ દેશની દયા જ ખાવી રહી ને !

---

શુન્યવકાશમાંથી જીવ પેદા થતો નથી. લુઈસ પેશ્ચરે (ઈ.સ. ૧૮૨૨-૧૮૯૫) પોતાનું સંશોધન જાહેર કર્યું તે પહેલા એવું માનવામાં આવતું હતું કે કોઈક જડ પદાર્થમાંથી અથવા પ્રભુકૃપાથી જીવ આપોઆપ પેદા થાય છે. પ્રભુકૃપાથી રસ્તાના ખુણા પર પડેલી રોટલી પર સમય જતા ફુગ બાઝે છે. તે કોઈ પણ કારણ વીના પ્રભુની કરામતથી આવે છે. એ જ પ્રમાણે એવું પણ માનવામાં આવતું હતું કે રોગો પણ ગોડ-પ્રભુ ખુદાની અવકૃપાથી આવે છે.

લુઈસ પેશ્ચરનાં સંશોધને આ માન્યતા ખોટી ઠેરવી. એણે જોયું કે જીવીત શરીરો પોતાનામાંથી જે પદાર્થો પેદા કરે છે તે ભૌતીક-જડ પદાર્થો કરતાં જુદા પડે છે. એનું આ સંશોધન એને એ દીશામાં લઈ ગયું કે કેટલાંક સુક્ષ્મ જીવો પોતે અને એમના શરીરમાંથી નીકળતા પદાર્થો માણસના અને અન્ય પશુ-પંખીઓના શરીરમાં રોગો પેદા કરે છે.

આરોગ્ય ક્ષેત્રે આ ખુબ ક્રાંતીકારી શોધ પુરવાર થઈ. પેશ્ચરની આ શોધ પહેલા રોગને માટે સુક્ષ્મ જીવો - બેકટેરીયા - વાઈરસને કારણભુત માનવામાં આવ્યા જ નહોતા. આથી તેવા સમયમાં શોધાયેલી આયુર્વેદ, યુનાની જેવી પદ્ધતીઓ કે જે રોગના મુળમાં સુક્ષ્મજંતુઓ અને જેનેટીકને સ્વીકારતી નથી તે પદ્ધતીઓ વૈજ્ઞાનીક નથી જ.

# સત્યશોધક સભાના સત્યાન્વેષણ માટેના પ્રયત્નો

## (I) પાંચ દીવસીય ગોષ્ઠી

### (૧) તલાકનો તો ત્યાગ કરવા જેવો જ છે.

'બધા જ ધર્મો પુરુષોએ સ્થાપ્યા છે આથી એમણે ધર્મના આદેશો પુરુષતરફી બનાવ્યા છે. ઈસલામ ધર્મ એમાં અપવાદ નથી. ઉલટું, અન્ય કેટલાક ધર્મોએ આધુનીકતાનાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને ન્યાયનાં મુલ્યોને અનીચ્છાએ પણ થોડાઘણા સ્વીકાર્યા છે, જ્યારે ઈસલામ તે સ્વીકારતો નથી. આથી એ ધર્મ સ્ત્રીઓને વધારે અન્યાય કરે છે. તલાક એ અન્યાયનું એક સ્વરુપ છે. આથી તલાકનો તો ત્યાગ કરવા જેવો જ છે.' સાહીત્ય સંગમ અને સત્યશોધક સભાના સંયુકત ઉપક્રમે યોજાયેલ પાંચ દીવસીય ગોષ્ઠીના પહેલા દીવસે 'સ્ત્રી માનવાધીકાર અને તલાક' ગોષ્ઠીના પ્રમુખપદેથી બોલતા સુર્યકાન્ત શાહે વધુમાં જણાવ્યું હતું કે, 'ભણેલા અને સમજુ મુસલમાનોએ તો કુર્આન અને શરીઅતને બધા કાયદાઓના સ્ત્રોત તરીકે સ્વીકારવાનું બંધ કરવું જોઈએ, અને આપણા બંધારણ તેમ જ યુએનઘોષીત માનવ હકોના આધારે તૈયાર થતા કાયદાઓને સ્વીકારવા જોઈએ.'

ગોષ્ઠીમાં ભાગ લેતા જાણીતા એડવોકેટ ઈરફાન મોમ્બાસાવાલાએ જણાવ્યું હતું કે, 'કુર્આનમાં જણાવેલ તલાકની અને પ્રવર્તમાન વીધીમાં ઘણો તફાવત છે. કુર્આનની જોગવાઈ સ્ત્રીને પુરતું રક્ષણ આપે છે.' આ જ બાબતને આગળ ચલાવતા જાણીતા સમાજસેવીકા નાઝનીન સાહેરવાલાએ જણાવ્યું હતું કે, 'વાસ્તવમાં તલાક અને એવી અન્ય બાબતોમાં પાછળથી ઘણી વીકૃતીઓ દાખલ થઈ છે. આ વીકૃતીઓને કાઢવાની ઝુંબેશ મુસલમાન સમાજે શરુ કરવી જોઈએ.' ચર્ચામાં ભાગ લેતા જાણીતા શીક્ષણવીદ ઘનશ્યામપ્રસાદ સનાઢયે જણાવ્યું હતું કે, 'એના સાંપ્રત સમયમાં મોહમ્મદ પયગંબરે સૌથી પહેલીવાર સ્ત્રીસન્માન કરવાનું લોકોને જણાવ્યું હતું, પરંતુ એમણે પણ કેટલીક અતાર્કીક વાતો કરી જે સ્ત્રીમાનવ હક્ક સાથે બંધબેસતી નથી.' ગોષ્ઠીમાં શ્રોતાઓએ ભાગ લીધો હતો. સીદ્ધાર્થ દેગામીએ સૌને આવકાર્યા હતા. સુનીલ શાહે વકતાઓનો પરીચય આપ્યો હતો. વીજય ભગતે સૌનો આભાર માન્યો હતો.

### (૨) ઘોંઘાટ કરનારા સમાજવીરોધી છે

ઘોંઘાટથી આરોગ્ય અને અર્થકારણને નુકસાન થાય છે. તેથી બને એટલા ઓછા અવાજે વ્યવહારો કરવાની સમજ લોકોને આપવી જોઈએ. ઘોંઘાટ કરનારા સમાજ

વીરોધી છે. તેથી લોકોએ જ જાતે ઓછો ઘોંઘાટ કરવો જોઈએ, અને અન્યોને ઘોંઘાટ કરતા અટકાવવા જોઈએ. સત્યશોધક સભા અને સાહીત્ય સંગમના સંયુકત ઉપક્રમે યોજાયેલ ગોષ્ઠીના બીજા દીવસે ‘ઘોંઘાટ પ્રદુષણ’ની ગોષ્ઠીના પ્રમુખપદેથી બોલતા જાણીતા સાહીત્યકાર અને સાહીત્યસેવી નાનુભાઈ નાયકે વધુમાં જણાવ્યું કે, ‘મારા સપનાનુ વીશ્વ’ ગ્રંથમાં એમણે ઘોંઘાટ પ્રદુષણ વીરોધી વીચારોનું એક મોટું પ્રકરણ આલેખ્યું છે.’

સીદ્ધાર્થ દેગામીએ સૌને આવકારતા જણાવ્યું હતું કે ઘોંઘાટ વીશેની સાચી સમજ કેળવવાની ખુબ જરુર છે. આ સમજ કેળવવા માટે જ આ ગોષ્ઠીનું આયોજન થયું છે. આ સંદર્ભે સ્વ. બાબુભાઈ દેસાઈના આ માટેના પ્રયત્નોને એમણે યાદ કર્યા હતા.

આ પ્રસંગને અનુરુપ ‘ઘોંઘાટ પ્રદુષણ’ પુસ્તીકાનું લોકાર્પણ થયું હતું. સુર્યકાન્ત શાહ અને કલ્પેશ યાજ્ઞીક લીખીત આ પુસ્તીકાનું પ્રકાશન સુરતની સાહીત્ય સંગમ સંસ્થાએ કર્યું છે. આ પુસ્તીકામાં ઘોંઘાટ પ્રદુષણને લગતાં સર્વે પાસાંનું વીશ્લેષણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ગોષ્ઠીમાં ભાગ લેતા કમલેશ યાજ્ઞીકે જણાવ્યું હતું કે ‘પ્રદુષણ’ થાય છે તેવો ખ્યાલ ઈ.સ. ૧૯૫૨માં પહેલીવાર દુનીયાને આવ્યો કે જ્યારે આ પ્રદુષણને કારણે લંડનમાં આઠ હજાર માણસો મોતને ભેટયા. વીવીધ પ્રદુષણોમાં ઘોંઘાટ પણ એક પ્રદુષણ છે તેવો ખ્યાલ પણ હવે યુએન સહીત આખા વીશ્વને આવી ગયો છે. મુંબઈની ‘આવાઝ ફાઉન્ડેશન’ સંસ્થાઓ જેવી અનેક સંસ્થાઓ દેશ-દુનીયામાં કાર્યરત થાય તો આપણે સૌને શાંતીનો સુખદ અનુભવ થાય.’

આ પ્રસંગે સુર્યકાન્ત શાહે અનીચ્છનીય અને પંચ્યાશી ડેસીબેલથી વધારે અવાજ માણસના શારીરીક અને માનસીક આરોગ્યને, અને કેટલીકવાર ભરપાઈ થઈ શકે નહીં તેવું નુકસાન કરે છે તે જણાવ્યું. ધાર્મીક પ્રસંગો અને ધાર્મીક સ્થાનો ઘોંઘાટના બહુ મોટા પ્રદુષક હોવાનું પણ એમણે જણાવ્યું. કાન-ગળાના નીષ્ણાત ડોકટર પ્રશાંત દેસાઈએ ઘોંઘાટની ભયાનકતાનો વીશદ ખ્યાલ આપ્યો હતો. ખાસ કરીને ઓચીંતા મોટા અવાજ કરતાં ફટાકડા, ડી. જે., વાહનોના હોર્નને કારણે કાનને કામચલાઉ બહેરાશ અને જ્ઞાનતંતુઓને કાયમી ઈજા પહોંચે છે. કામચલાઉ બહેરાશનો ઈલાજ બે દીવસમાં નહીં કરવામાં આવે તો તે કાયમી થઈ જાય છે. શહેરોમાં રહેતી અને ફરતી વ્યકતીઓએ ગજવામાં પુમડાં રાખી જ મુકવા જોઈએ કે જેથી મોટો અવાજ થવાની શકયતા વર્તાય કે તરત તે કાનમાં મુકી શકાય.

ત્યારબાદ પ્રશ્નોત્તરી થઈ હતી. પોતાનાં વાહનો ચલાવતા જરાયે હોર્ન વાપર્યા વગર સુરત જેવા શહેરમાં પણ અવરજવર કરી શકાય છે તેવો દાવો કેટલાક શ્રોતાઓએ કર્યો હતો. સીદ્ધાર્થ દેગામીએ સૌનો આભાર માન્યો હતો.

### ૩. કર્મના સીદ્ધાંતને વાસ્તવીકતા સાથે સંબંધ નથી

'આત્મા, પુનર્જન્મ અને કર્મનો સીદ્ધાંત અવાસ્તવીક કલ્પના છે. શરીર એક યંત્ર છે. યંત્રની જેમ જ એની મરામત કરવાની થાય છે. સમાજને ગેરરસ્તે દોરવા માટે આ કલ્પનાઓ કરવામાં આવી છે. આજુબાજુની વાસ્તવીકતા જરા ઝીણવટથી તપાસવામાં આવશે તો સમજાશે કે કર્મના સીદ્ધાંતમાં જે કંઈ જણાવાયું છે તે ખોટું પડે છે. આથી લોકોએ આ માન્યતામાંથી મુકત થઈ બનતી ઘટનાઓનાં સાચાં કારણ શોધવા અને તેમાં જે હાનીકર્તા હોય તેને દુર કરવાના પ્રયત્નો કરવા જોઈએ. 'સત્યશોધક સભા અને સાહીત્ય સંગમના સંયુકત ઉપક્રમે યોજાયેલ પાંચ દીવસીય ગોષ્ઠીના ત્રીજા દીવસે 'આત્મા પુનર્જન્મ અને કર્મના સીદ્ધાંત' વીષય પરના વાર્તાલાપના પ્રમુખપદેથી બોલતા નાનુભાઈ નાયકે વધારામાં જણાવ્યું કે, એમના 'મારા સપનાના વીશ્વ' ગ્રંથમાં આ અંગે વીગતવાર ચર્ચા કરવામાં આવી છે.'

ગોષ્ઠીમાં વકતાઓ અને શ્રોતાઓને વીજય ભગતે આવકાર્યા હતા. ઉદ્દઘોષક પ્રેમ સુમેસરાએ વકતાઓનો પરીચય આપો હતો. ડો. બી. એ. પરીખ લીખીત 'આત્મા પુર્વજન્મ, પુનર્જન્મ અને કર્મના સીદ્ધાંત' પુસ્તીકાનું લોકાર્પણ થયા બાદ ડો. પરીખે સમજાવ્યું હતું કે, 'જીવ જૈવીક-રાસાયણીક પ્રક્રીયાનું પરીણામ છે. એમાં કોઈ અશરીરી આત્માનો વાસ હોતો નથી. પુનર્જન્મના દાવા અનેક લોકો તરફથી વારંવાર થાય છે, પણ તેની વૈજ્ઞાનીક તપાસ કરતાં પુરવાર થયું છે કે એ દાવા ખોટા છે. ઘણા કીસ્સામાં દાવા કરનારા પોતાના હીતોના લાભાર્થે દાવા કરતા  હોય છે.' પુસ્તકનો પરીચય આપતા સુનીલ શાહે જણાવ્યું હતું કે, 'જો લોકો હકીકતાધારીત તથ્યો જાણવા માંગતા હોય તો એમણે આ પુસ્તક જરુરથી વાંચવું જોઈએ. આખી દુનીયામાં માત્ર ભારતના હીંદુ-જૈન ધર્મોમાં પુનર્જન્મ અને તેની સાથે સંકળાયેલ કર્મના સીદ્ધાંતને દર્શાવવામાં આવ્યો છે. દુનીયાના મોટા ભાગની વસતી આ બાબતોમાં માનતી નથી. આ બાબત પુરવાર કરે છે કે આ માન્યતાઓ અવાસ્તવીક છે.'

માણસ જીવતો હોય ત્યારે એનામાં શું છે ?  મરી ગયા પછી શું એમાંથી નીકળી જાય છે ? આ પ્રશ્નો શ્રોતાઓને સતાવતા હતા. જે ચેતનાથી ઓળખાય છે તે સંવેદના મગજમાં  પેદા થાય છે. મગજના મરી જવાથી સંવેદના બંધ થાય છે. આ બંધ થતી સંવેદનાને ખોટી રીતે આત્મા તરીકે ઓળખવામાં આવી છે તેવો તેનો પ્રશ્નોત્તરીમાં ખુલાસો થયો હતો. સીદ્ધાર્થ દેગામીએ સૌનો આભાર માન્યો હતો.

## ૪. વૈજ્ઞાનીક અભીગમ સફળ જીવનની ચાવી છે

'વીજ્ઞાનના સીદ્ધાંતો ગોખવાથી પરીક્ષામાં પાસ થઈ જવાય. વૈજ્ઞાનીક સંશોધનની જાણકારી માહીતી આપે, પરંતુ જીવન જીવવાની પદ્ધતી તરીકે માણસ જો વૈજ્ઞાનીક અભીગમ ધરાવે તો જીવનમાં સફળ થવાની સંભવીતતા ઘણી વધી જાય. વીજ્ઞાનના સીદ્ધાંતો સમજતાં સમજતા એ સીદ્ધાંતો પાછળ દરેક ઘટનાના મુળમાં સાચુ કારણ શોધવાની વૈજ્ઞાનીકોની તમન્નાને જો સમજવામાં આવે તો દરેક વ્યકતી એના જીવનમાં વૈજ્ઞાનીક અભીગમ અપનાવતી થાય.' સત્યશોધક સભા અને સાહીત્ય સંકુલના સંયુકત ઉપક્રમે યોજાયેલ પાંચ દીવસીય ગોષ્ઠીના ચોથા દીવસે એટલે કે ૨૮ મી ફેબ્રુઆરીના વીજ્ઞાનદીને એકસપરીમેન્ટલ સ્કુલના વીદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતા ડો. બી. એ પરીખે વધુમાં જણાવ્યું કે, 'ધર્મજનીત અવૈજ્ઞાનીકતામાંથી બને એટલા વહેલા મુકત થવું જોઈએ.' ગોષ્ઠીમાં ભાગીદાર થતા સીદ્ધાર્થ દેગામીએ સૌને આવકારવા ઉપરાંત વધુમાં જણાવ્યું કે, 'ચમત્કારોથી પ્રભાવીત થવાનું માંડી વાળો અને તેની પાછળની યુકતી-પ્રયુકતીઓ અને વીજ્ઞાનના કોઈ સીદ્ધાંતના ઉપયોગને સમજવાનું રાખો.' આ પ્રસંગે બોલતા પ્રેમ સુમેસરાએ જણાવ્યું કે, 'માહીતી મળ્યા બાદ એના પર ચીંતન કરી તેને જ્ઞાનમાં ફેરવો. જ્ઞાનનો વીવેકપુર્વક ઉપયોગ કરીને ડહાપણ કેળવો.' વ્યારાથી આવેલ ડો. ગણેશ ખૈરે બાળપણમાં પડતા અવૈજ્ઞાનીક સંસ્કારોને પ્રયત્નો કરીને પણ છોડી રેશનલ વર્તનના સંસ્કારો સ્વીકારવાનો આગ્રહ રાખ્યો.

આચાર્યશ્રી મીનાક્ષીબહેને સૌને આવકાર્યા હતા. એમણે જણાવ્યું હતું કે કોઈને કોઈ મહાન વૈજ્ઞાનીક આપણા જીવનના રોલ-મોડેલ બનાવવાનું રાખવું જોઈએ. વીજ્ઞાન દીનની ઉજવણી પ્રસંગે આવા વૈજ્ઞાનીકોના વીજ્ઞાન માટેના પ્રયત્નોને યાદ કરવા જોઈએ. ફાલ્ગુનીબહેન પટેલે ઉદ્‌ઘોષક તરીકે સેવા આપી હતી. પ્રશ્નોત્તરી દરમ્યાન એ સ્પષ્ટ થયું હતું કે કોઈ પણ સમયે વીજ્ઞાન પાસે બધા સવાલોના જવાબ હોતા નથી. જેના જવાબ મળતા નથી તેના પર સતત સંશોધન ચાલતું હોય છે. પરીણામે વધારે ને વધારે સવાલોના જવાબ મળતા જાય છે. કોઈ પણ વ્યકતી કે વીચારધારા કોઈ એક સમયે બધા સવાલોના જવાબ આપવાનો દાવો કરતી હોય તો તે લોકોને છેતરવાનું અને પોતાની કમાણી વધારવાનું કામ કરે છે. અન્ય પ્રશ્નો પર ચર્ચા ઉગ્ર બનતા એ ફલીત થતું હતું કે કેટલીક વ્યકતીઓ વીદ્યાર્થીઓ અને સમાજ સુધી વૈજ્ઞાનીક અભીગમ પહોંચે નહીં તે માટે કૃતનીશ્ચયી હોય છે. આ પરીસ્થીતી જોતાં સત્યશોધક સભા અને રેશનાલીસ્ટોએ વધારે મહેનત કરવી પડશે તે સમજ ઉભી થઈ હતી.

૫.	**સંસ્કૃતી અને  ધર્મ સ્થાનીક પરીસ્થીતીની નીપજ છે.**

'સંસ્કૃતી, ભાષા, વેશ, રીત-રીવાજો, ધર્મો જેવી અનેક બાબતોનું એક સંકુલ છે. પૃથ્વી પર જુદાં જુદાં સ્થળે ભૌગોલીક પરીસ્થીતી અલગ છે. એ પરીસ્થીતીને અનુરુપ સંસ્કૃતી અને તેના ભાગ સ્વરુપ ધર્મનું સર્જન થયું છે. આથી સંસ્કૃતી અને ધર્મોમાં વૈવીધ્ય છે. આથી વીવીધ સંસ્કૃતીવાળા લોકો કોઈ દેશમાં ભેગા થઈને રહેવા માંડે ત્યારે ભાષા, વેશ, ખોરાક, રીતરીવાજોમાંના અલગપણા ને ઉંચ-નીચના ભેદભાવનું કારણ બનાવવું જોઈએ નહીં.' સત્યશોધક સભા અને સાહીત્ય સંકુલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ગોષ્ઠીના પાંચમા છેલ્લા દીવસે બોલતા ડો. બી. એ. પરીખે વધુમાં જણાવ્યું કે, 'બાળકનું મગજ તો કોરી સ્લેટ જેવું હોય છે. એમાં સંસ્કારને નામે જે માન્યતાઓ દૃઢ કરવામાં આવે છે તે એના ભાવી જીવનને નક્કી કરે છે.' આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે બોલતા બાબુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, 'કોઈ પણ પ્રાણીની જેમ માનવના ગુણધર્મો પણ સર્વત્ર સમાન છે, પરંતુ ખાસ કરીને ધર્મને નામે માનવજાતમાં અલગતા અને ઉંચ-નીચના ભાવ પેદા થાય છે. ધર્મની વધારે પડતી અસરને પરીણામે ભારતની વસતી ઘણી વધારે હોવા છતાં એ વૈજ્ઞાનીક સંશોધનોમાં ઘણી પાછળ પડી ગઈ છે.'

પ્રશ્નોત્તરી દરમીયાન શ્રોતાઓએ જાણવા માંગ્યું હતું કે સંસ્કૃતી પહેલા કે ધર્મ. સંસ્કૃતીના એક ભાગ તરીકે ધર્મનો આવીષ્કાર થયાની સ્પષ્ટતા થઈ. ધર્મ અને ઈશ્વર હોવાની માન્યતાને કારણે જાગતમાં માત્ર અસીમ હીંસા જ નથી થઈ, પરંતુ જ્ઞાનના ક્ષેત્રમાં પણ ધારેલો વીકાસ થયો નથી એ પણ સ્પષ્ટતા થઈ. આ પ્રસંગે ખાસ હાજર રહેલા નાનુભાઈ નાયકે ધર્મથી માણસ જેટલો વહેલો મુક્ત થશે ત્યારે એનુ કલ્યાણ વધશે એમ જણાવ્યું. નૈસર્ગીક લાગણીઓ થકી મળતા આનંદને મહત્તમ કરવો જ જોઈએ, પરંતુ તે અન્યના ભોગે નહીં મેળવવાનો મત સુર્યકાન્ત શાહે વ્યક્ત કર્યો હતો. સૌનું સ્વાગત સીદ્ધાર્થ દેગામીએ કર્યું અને જણાવ્યું કે, તા. ૧૧ માર્ચે રાજકોટના જયંત પંડ્યાનું રમણભ્રમણ સુવર્ણચંદ્રક થકી સાહીત્ય સંગમના નાનુભાઈ નાયક ભવનમાં સાંજે ૬.૦૦ કલાકે સન્માન થવાનું છે. તેમાં સૌને પધારવાનું આમંત્રણ આપ્યું હતું. સુનીલ શાહે વક્તાઓનો પરીચય કરાવ્યો હતો. પ્રેમ સુમેસરાએ ઉદ્‌ઘોષક તરી સેવા આપી હતી.

(II) **માધવ સરસ્વતી માધ્યમીક વીદ્યામંદીર, સુરતમાં** દીનાંક ૧૧/૦૨/૧૭ ને શનીવારના રોજ સમાજમાં રહેલી અંધશ્રદ્ધાનું નીવારણ કરનાર સંસ્થા સત્યશોધક સભાના

મંત્રી શ્રી સીદ્ધાર્થ ટી. દેગામીએ વીદ્યાલયના વીદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તેમ જ વાલીશ્રીઓને સમાજમાં રહેલી અંધશ્રદ્ધા પાછળ રહેલ વૈજ્ઞાનીક સીદ્ધાંત જણાવ્યા હતા. સીદ્ધાર્થભાઈએ વીવીધ પ્રયોગો જેમ કે લાકડાના ભુસામાં વગર દીવાસળીએ આગ લગાવવી, હાથમાં સળગતી દીવેટ મુકવા છતાં દઝાય નહીં, સળગતો કોથળો શરીર પર ફેરવવા છતાં ન દાઝવું, ગ્લાસ પર રુમાલ ઢાંકી ઉંધો કરવા છતાં પાણી ન ઢોળાવું, નારીયેળમાંથી ચુંદડી કાઢવી, નારીયેળમાં આગ લગાવવી, જાદુઈ ઝોલીમાંથી પૈસા ડબલ કરવા, વીવીધ પ્રયોગો કરી બતાવ્યા હતા.

આ બધા પ્રયોગો પાછળનાં વૈજ્ઞાનીક કારણો અને સીદ્ધાંતો શ્રી સીદ્ધાર્થભાઈએ યોગ્ય રીતે સમજાવ્યા હતા, જેમ કે નારીયેળ પર પાણી છાંટતા દીવો સળગે એનું વૈજ્ઞાનીક કારણ એ છે કે નારીયેળના છોતરામાં પહેલેથી જ સોડીયમ ધાતુનો ટુકડો છુપાવેલો હોય, અને તેને પાણી કે ભેજ લાગતા તે સળગી ઉઠે છે. આમ દરેક પ્રયોગ પાછળ વૈજ્ઞાનીક સીદ્ધાંતો દર્શાવી સીદ્ધાર્થભાઈએ જરુરી માહીતી બાળકોને પુરી પાડી હતી. માધવ સ્મૃતી ટ્રસ્ટના પ્રમુખ શ્રીમતી સાધનાબહેન ભંડારી, ટ્રસ્ટીશ્રી અતુલભાઈ સાતા અને શ્રી બાગેશભાઈ, વ્યવસ્થાપક શ્રી અજયભાઈએ હાજરી આપી હતી. વીદ્યાર્થીઓ, વાલીશ્રીઓ પણ હાજર રહ્યા હતા. એમણે અંધશ્રદ્ધાના નીવારણનાં તથ્યો સારી રીતે જાણ્યા હતા.

---

## જસ્ટીસ હેમંત લક્ષ્મણ ગોખલેની બાબુભાઈને શ્રદ્ધાંજલી

---

**ડૉ. બી. એ. પરીખ**

ગુજરાત, અલ્હાબાદ, મુબઈ હાઈકોર્ટ તેમ જ સુપ્રીમ કોર્ટના નીવૃત્ત મુખ્ય ન્યાયાધીશ શ્રી હેમંત લક્ષ્મણ ગોખલે સત્યશોધક સભાના પ્રસંશક, સમર્થક તેમ જ શ્રી બાબુભાઈ દેસાઈના શુભેચ્છક મીત્ર, સલાહકાર પણ હતા. બાબુભાઈ દેસાઈ તેમની રેશનાલીસ્ટ, માનવવાદી સમાજસુધારણાની અનેક સમસ્યાઓ તેમ જ ચળવળો અંગે જસ્ટીસ ગોખલે સાથે સંપર્કમાં રહેતા હતા. જસ્ટીસ ગોખલએ પણ ઉચ્ચ પદાધીકારી તરીકેનો અંચળો ફગાવી દઈ બાબુભાઈની પ્રવૃત્તીઓમાં સાથ સહકાર આપ્યો હતો. ૨૦૧૪માં નીવૃત્તી બાદ તેઓ બાબુભાઈ સાથે પ્રસંગોપાત સંપર્કમાં પણ રહેતા હતા. બાબુભાઈના ૭૫ વર્ષ પુરા થવાના નીમીત્તે યોજાયેલા સમારંભમાં (એપ્રીલ ૨૬, ૨૦૧૬) મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ સ્વીકારવાનું સૌજન્ય અને ભાવ તેમણે દાખવ્યા હતાં. બાબુભાઈની માંદગી વીષે તેમને સમાચાર મળતા

તેઓ તેમની તબીયત જોવા માટે સુરત આવવાના પ્રયાસો કરતા હતા, પરંતુ તેમનાં રોકાણોના કારણે તેઓ સતત ચીંતા, મુંઝવણ અનુભવતા હતા કે બાબુભાઈને મળવા જવાતું નથી. છેવટે તેમણે તા. ૨૮ ડીસેમ્બરે સુરત આવવાનો કાર્યક્રમ પાકો કર્યો, પરંતુ તા. ૨૭/૧૨ ના દીવસે બાબુભાઈનું અવસાન થયાના સમાચાર તેમને આપવામાં આવ્યા ત્યારે અત્યંત વ્યથીત થઈને બાબુભાઈને ન મળી શકવાની એમની વેદના પ્રગટ કરી, અને તા. ૨૮/૧૨ ના દીવસે તેઓ સુરત આવશે જ તેવું જણાવ્યું.

બાબુભાઈના અવસાનના બીજા દીવસે જસ્ટીસ હેમંતભાઈ સુરત આવ્યા. બાબુભાઈના કુટુંબીજનો તેમ જ ખુરશીદબહેન સાથે દુઃખી હૃદયે પોતાની લાગણી અને આશ્વાસન પ્રગટ કર્યાં. પરીવારજનો સાથે બાબુભાઈની સાથેની યાદોને લાગણીસભર પુનઃ યાદ કરી. બાબુભાઈની રેશનાલીસ્ટીક માનવવાદી પ્રવૃત્તીઓ તેમ જ આંદોલનને મોટી ખોટ પડશે તેવું જણાવી એમણે બાબુભાઈને પોતાની ભાવભીની શ્રદ્ધાંજલી આપી.

---

## વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમ

**–પ્રેમ સુમેસરા**

વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમમાં તાત્વીક તફાવત રહેલો છે. વીજ્ઞાન સાધન છે, જ્યારે વૈજ્ઞાનીક અભીગમ અર્થાત્ વૈજ્ઞાનીક મીજાજ એ સાધ્ય છે. વીજ્ઞાન ટેકનોલોજીનું સર્જન કરે છે, અને એ ટેકનોલોજીનો દુરુપયોગ માનવજાત માટે થયો હોય એવાં દાખલા-ઉદાહરણો પણ આપણને મળી આવશે. માનવજાતનું મુખ્ય લક્ષ્ય વીવેકબુદ્ધી અને વૈજ્ઞાનીક અભીગમ જ હોઈ શકે. વીજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ અત્યારે માણસજાત જો દુઃખી અને પરેશાન જણાતી હોય તો તેનું કારણ છે : વીવેકબુદ્ધીનો અને વૈજ્ઞાનીક અભીગમનો અભાવ ! વૈજ્ઞાનીક અભીગમની મંઝીલે પહોંચવું હોય તો માર્ગ અર્થાત્ પથ તો વીજ્ઞાનનો જ અપનાવવો પડે. ધર્મનું સુત્ર છે કે એ જે કરે છે તે અંતીમ છે, જ્યારે વીજ્ઞાન કહે છે કે જે છે એ અનંત છે. ધર્મમાં સુચવાયેલા અંતીમ આદેશને કારણે એમાં પરીવર્તનને કોઈ અવકાશ રહેતો નથી, જ્યારે વીજ્ઞાન કયારેય એવું કહેતું નથી કે આ અંતીમ છે. પરીવર્તન અને શોધ-સંશોધન એ વીજ્ઞાનનો શાશ્વત નીયમ છે. ધર્મનો નીયમ છે. 'સંશ્યાત્મા વીન્જશ્યતી' જ્યારે વીજ્ઞાન કહે છે કે 'સંશ્યાત્મા વીન્જશ્યતી' જો માણસે સંશય કર્યો ના હોત તો જગતમાં આટ-આટલી શોધ-સંશોધનો અને ટેકનોલોજીનો વીકાસ ના થયો હોત.

વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમમાં એક પેચીદો પ્રશ્ન એ છે કે જેટલા વીજ્ઞાનીઓ હોય છે એ બધા વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા જ હોય એવું નથી. એવા કેટલાય દાખલા નોંધાયા છે કે જેમાં વીજ્ઞાની, વૈજ્ઞાનીક અભીગમ ધરાવતા નથી હોતા. વીજ્ઞાની કોઈ ક્ષેત્રે શોધ-સંશોધન કરે, એ બાબતે એ નીષ્ણાત કે જ્ઞાન ધરાવતો હોઈ શકે, પરંતુ સમગ્રતઃ એ વીજ્ઞાનના પરીપ્રેક્ષ્યમાં બધું જ માનતો હોય એવું ના પણ બને. થોડાક વર્ષો પર આપણા દેશની ખગોળ વીજ્ઞાનના ક્ષેત્રે શોધ-સંશોધન કરતી ઈસરો સંસ્થાએ મંગળ ગ્રહ પર એક ઉપગ્રહ (સેટેલાઈટ) તરતો મુકયો. આ પ્રયોગ પ્રથમ પ્રયાસે જ સફળ રહયો એ ઈસરોની અપ્રતીમ સીદ્ધી ગણાય, પરંતુ આ સમગ્ર મીશનના ડીરેકટર શ્રી રાધાક્રીશ્નએ જ્યારે આ મીશનને પાર પાડવા પુર્વે મંગળયાનની પ્રતીકૃતી તીરુપતી બાલાજીના મંદીરે ચઢાવી ત્યારે એવું પ્રતીત થયા વીના ના રહયું કે શ્રી રાધાક્રીષ્નન્ ગ્રેટ સાયન્ટીસ્ટ ખરાં, પરંતુ વૈજ્ઞાનીક મીજાજની બાબતે એમનામાં ખોટ વર્તાઈ. વીજ્ઞાનીઓની આવી હરકતો બાબતે એવું કહી શકાય કે એમનામાં બાળપણમાં પડેલા સંસ્કારો-ગળથુથીમાં જ રુઢ થઈ ગયેલી માન્યતાએ કારણભુત હોઈ શકે.

## રેશનલ ચળવળ

**–ડો. ગણેશ ખૈરે**

તા. ૩૧-૩-૨૦૧૭ ને મંગળવારે વ્યારા અંધશ્રદ્ધા નીવારણ સમીતી (અ. ની. સ.) ના પ્રમુખ ડો. ગણેશ ખૈરેએ વ્યારાની આટ્ર્સ અને કોમર્સ કોલેજમાં એમ. એ. પાર્ટ-૨ ના વીદ્યાર્થીઓ સમક્ષ 'અંધવીશ્વાસ-ભુત અને વળગાડ' વીષય ઉપર પ્રવચન આપ્યું હતું. વીદ્યાર્થીઓ ઉપરાંત અ. ની. સ.ના કાર્યકરો તથા કોલેજનો શૈક્ષણીક સ્ટાફ પણ ખીચોખીચ ભરેલા ખંડમાં હાજર રહયા હતા.

ડો. ખૈરેએ અંધવીશ્વાસની પાછળ મુળભુત રીતે પુરાણી ધાર્મીક માન્યતાઓ કામ કરે છે એમ જણાવી આત્મા-પરમાત્મા તથા પુર્વજન્મ-પુનર્જન્મની વાતો કરી તેનુ વૈજ્ઞાનીક વીશ્લેષણ કર્યું હતું. માઈક્રોસ્કોપ તથા ટેલીસ્કોપના સંશોધન પછી અદશ્ય એવી કોઈ વસ્તુ નથી કે જેને જાણી-સમજી ન શકાય એમ કહી નરી આંખે ન દેખાતા બેકટેરીયા તથા વાયરસની વાતો કરી હતી. આત્મા જ ન હોય તો તેની દુર્ગતી કેવી રીતે થાય ? તો ભુત

ક્યાંથી મળે ? મોટે ભાગે અન્ય કારણોસર સ્ત્રીઓને ડાકણ-ચુડેલ ઠરાવી એમની હત્યા પણ કરવામાં આવે છે. વળગાડની બાબતે પણ છેતરપીંડી અને શોષણ જ થાય છે. આ બધા ભગત-ભુવાઓની ચાલાકી છે. ભણેલા-અભણ-બધાજ મનુષ્યો એના શીકાર થાય છે. દોરા-ધાગા-મંત્ર-તાવીજથી કશું પરીણામ આવતું નથી. એના માટે આધુનીક માનસ ચીકીત્સકોની સારવાર લેવી પડે. મનનાં મુખ્ય ત્રણ રોગો છે. (૧) ડીપ્રેશન-(ઉદાસી) (૨) સીઝ્ડોફ્રેમીયા-ચેષ્ટાઓ વારંવાર કરવી, અનીંદ્રા તથા (૩) સાયકોસીસ આ બધા માનસીક રોગોની સારવાર કરાવી દર્દી સારો થઈ શકે છે એમ જણાવી ઈલ્યુઝન, હેલ્યુસીનેશન, દીલ્યુઝન વ. રોગ વીશે જાણકારી આપી હતી.

અંતમાં પ્રશ્નોત્તરી થઈ હતી. જેમાં શૈક્ષણીક સ્ટાફે અનુભવોની આપ-લે કરી હતી. અ. ની. સ. તરફથી સુરેશભાઈ સાકલેએ બે શબ્દો કહયા હતા. તથા મંત્રી પ્રદીપભાઈ ભટ્ટે આભારદર્શન કરી. સુરતની સત્યશોધક સભા દ્વારા પ્રકાશીત પુસ્તકોની માહીતી આપી હતી. પ્રો. કનકલતાબહેને સંસ્થા વતી ડો. ગણેશભાઈ તથા અ. ની. સ. (વ્યારા) નો આભાર માન્યો હતો.

---

## ‘સેક્સ એજ્યુકેશન’ – અંગે કંઈક

**–મોહનભાઈ પટેલ**

સમગ્ર વીશ્વમાં આજે દરેક ધર્મ-સંપ્રદાય-સમુદાય કે જાતી-સમાજમાં લગ્નપ્રથાની જુદા જુદા રીત-રીવાજો પરાપુર્વથી ચાલી આવે છે. કાયદેસર લગ્નો, લીવ ઈન રીલેશનશીપ મૈત્રી સહીત અનેક પ્રથાથી લગ્નજીવન અસ્તીત્ત્વમાં આવે છે. લગ્નેતર સંબંધો પણ ‘સેક્સ’ સાથે સંબંધ ધરાવે છે.

(૧) એક સર્વે અનુસાર લગ્ન કરીને અથવા લગ્ન વીના પણ વીશ્વમાં ‘દામ્પત્ય જીવન’ જીવતા હોય છે. બ્રીટનમાં ૨૧ લાખ જેટલી સ્ત્રીઓ આજે લગ્ન વીના જ બાળકની માતા બની છે. તેવો દૈનીક ન્યુ સ્ટેટમેન્ટ-લંડનનો તા. ૧૫-૧૨-૨૦૦૮નો અહેવાલ દર્શાવે છે.

**(૨) લેખીકા બર્બરાપીઝ શું કહે છે ?**

લેખીકા બર્બરા પીઝે તેમના પુસ્તક ‘Why men want SEX and women

need LOVE'-માં સ્પષ્ટપણે લખ્યું છે કે, ૫૦ ટકા લગ્નજીવન 'સેકસ ઈમ્બેલેન્સ' ને લીધે નીષ્ફળ જાય છે. આનાં કારણો તો અનેક હાઈ શકે. દામ્પત્ય જીવનમાં એકબીજાને માટે પુરતો સમય ન ફાળવવો, રુઢીચુસ્તતા, રુપ-કુરુપ, અલંકાર, શંકા-કુશંકા, સામાજીક પરીબળો લગ્નેતર સંબંધો વગેરે કારણો પણ જવાબદાર બને છે. ભૌતીક સુખ સંપત્તી પાછળની આંધળી દોટ, નોકરી-પ્રવાસ અને માનસીક રીતે સતત કુટુંબથી દુર રહેવાનાં કારણો પણ ગણાવી શકાય તેમ છે.

આજની ૨૧મી સદીમાં દુનીયા હાથની મુઠ્ઠીમાં બલકે, મોબાઈલ, ઈન્ટરનેટ તથા ડીજીટલ વીજાણુઓથી કુટુંબ-વ્યકતી નજીકમાં આવી છે ખરી પરંતુ માનસીક-શારીરીક રીતે બીજા શબ્દોમાં 'પ્રેમ-Love' ને સાચા વાસ્તવીક અર્થમાં સાકાર કરવામાં નીષ્ફળતા મળી છે તે હકીકતને લક્ષમાં લેવી ઘટે. ઉપરની બાબતથી એ સ્પષ્ટ થાય છે કે, જ્યારે લગ્નજીવન યેનકેન પ્રકારેણ નીષ્ફળ જાય ત્યારે છુટાછેડા-આપઘાત, કૌટુંબીક ઝઘડા, સંપત્તીના, સંતાનોના પ્રશ્નો પણ ભયંકર બને છે. તે બાબતો સમાજશાસ્ત્રીય રીતે અભ્યાસનો વીષય બને છે. ૫૦ ટકા લગ્નજીવન નીષ્ફળ જતાં હોય તો તેની જે સામાજીક-આર્થીક અસરો પડે તેને નજર અંદાજ કરી શકાય નહીં. સામાજીક-સંસ્કૃતી-આર્થીક અસરના પ્રશ્નો ઉભા થાય તેને તંદુરસ્ત ગણી ન શકાય અને તેથી જ 'સેકસ એજ્યુકેશન'-ભણતરમાં પાયાથી આપવું અત્યંત જરુરી બને છે.

### (3) સેકસની સમજણ-શીક્ષણમાં રુઢીચુસ્તતા શું છે ?

આજે દુનીયાના ઘણા ઉદારમતવાદી દેશો કરતાં ભારત અને બ્રીટનમાં 'સેકસ'ને દંભી રીતે લેવાતી આવી છે. તેનું પરીણામ એ પણ આવ્યું છે કે, 'સેકસ' અંગેની બાબતે ખુલ્લી રીતે સામાજીક સ્વીકાર થતો નથી. મતલબ કે સેકસને ખરાબ-દંભી સ્વરુપે લેવામાં આવ્યો હોવાથી, કોઈ પુખ્ત વયની વ્યકતી ખુલ્લી રીતે ચર્ચા કરતા નથી અથવા તો સેકસ બાબતે શાળા-કોલેજમાં પણ પાઠયપુસ્તક-સેમીનાર વગેરેમાં નીષણાતો લખી કે બોલી શકતા નથી. ખાસ કરીને, ટીન એજર્સના પ્રેમની બાબતે, લગ્નજીવનમાં છુટાછેડા-તલ્લાક બાબતે કજીયા-કંકાસ તેમ જ પારસ્પરીક ગેરસમજથી 'સેકસ'ના શીક્ષણ બાબતે શીક્ષણશાસ્ત્રીઓ, સરકાર, સામાજીક સંગઠનો, મનોવૈજ્ઞાનીકો, ધાર્મીક નેતાઓ સહીત વૈજ્ઞાનીક અભીગમથી 'લોકશીક્ષણ'-શાળા શીક્ષણ આપવાના નીષ્ફળ રહયા છે. આ સમાજ સેવી સંગઠનો, કાર્યકરો દ્વારા વૈજ્ઞાનીક અભીગમથી જાગૃતી લાવે તે ઈચ્છનીય બાબત છે.

# બોલો શરીરમાં લોહી કયારથી ફરતું થયું ?

હા....કહો જોઉં ! શરીરમાં લોહી કયારથી ફરતુ થયું ? ઈ. સ. ૧૬૨૮થી ! હા...ભાઈ...હા...૧૬૨૮ થી. જે સમયથી આપણે જે હોવાનું માનીએ તે સમયે તે જ અસ્તીત્વમાં આવ્યું હોવાનો આપણે ભ્રમ સેવતા હોઇએ છીએ. ૧૬૨૮માં વીલીયમ હાર્વેએ (૧૫૭૮-૧૬૫૭) સૌથી પહેલીવાર શરીરમાં લોહી ફરતું હોવાનું જોયું. તે પહેલા લોકો માનતા હતા કે લીવરમાં લોહી પેદા થાય છે, અને ત્યાંથી જ શરીર તેને ખાઈ જાય છે ! મહાન ગ્રીક તત્ત્વચીંતકો એરીસ્ટોટલ અને ગેલને કશા પણ પ્રયોગ કર્યા વીના માત્ર અનુમાનથી લોહી લીવરમાં પેદા થઈને ત્યાં જ તેનો વપરાશ થઈ જવાની માન્યતા વહેતી મુકેલી. તેથી સેંકડો વર્ષો સુધી જે તે સમયના વૈજ્ઞાનીકો સહીત બધાં આ જ ભ્રમણામાં રહેલા. ‘આવુ કંઈક હોવુ જોઈએ’ ની પ્રસ્તાવના કરી કોઈ એક ક્ષેત્રમાં મહાન પુરવાર થયેલા બીજાં ક્ષેત્રોમાં પોતાની માન્યતાનો ફેલાવો કરે છે. વાસ્તવમાં તે ભ્રમણા હોય છે. હાર્વેએ તેવી ભ્રમણામાં ફસાવાનો ઈનકાર કર્યો. શરીરમાં ખરેખર શું ચાલે છે તે જાણવા માટે એણે પ્રયોગો કર્યા. જીવતાં અને મરેલાં શરીરનાં વીચ્છેદનો કર્યાં. એને પેલી ભ્રમણા કરતાં હકીકત અલગ જ દેખાઈ. ઈ.સ. ૧૬૨૮માં એણે સૌથી પહેલીવાર લોકોને હકીકત જણાવી કે શરીરમાં લોહી ફરે છે ! ત્યારથી લોકો પણ ક્રમશઃ તે માનવા લાગ્યા. આપણા જ શરીરને લગતી આપણી કેટલી બધી અજ્ઞાનતા હોય છે ! હાર્વેએ લોહીના પરીભ્રમણની શોધ કર્યા પછી પુરા એકસો વર્ષ બાદ એન્ટોઆઈન લેવોઈસરે શોધ્યું કે લોહીમાં ઓકસીજન પણ હોય છે ! આ હકીકતો જાણવા મળી તેનાથી ક્રમશઃ માત્ર વૈજ્ઞાનીક અભીગમવાળી એલોપથી, રોગોના નીદાન અને ઈલાજ માટે અસ્તીત્વમાં આવી. તે પહેલાની સુશ્રુષા પદ્ધતીઓ જેવી કે આયુર્વેદ કે યુનાની સા’વ પુરાણી અને શરીર માટે જરાયે ઉપયોગી નહીં હોય તે સાદુ સત્ય હજી આપણે સમજવાનો ઈનકાર કરીએ છીએ !

---

પ્રત્યેક પ્રયોગ વીજ્ઞાન તરફથી કુદરતને પુછાતો એક પ્રશ્ન છે, અને એ પ્રયોગનાં પરીણામોના માપનની થતી નોંધ એ કુદરતી તરફથી મળતો ઉત્તર છે. **–મોક્ષ લાન્ક**

# ''શહીદે આઝમ ભગતસીંહના રેશનાલીસ્ટ વીચારો'

-સુગીત પાઠકજી

૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ ભગતસીંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી આપવામાં આવી હતી. ત્યારથી સમગ્ર દેશમાં ૨૩ માર્ચનો દીવસ 'શહીદ દીવસ' તરીકે ઓળખાય છે. આવનાર ૨૩ મી માર્ચે ભગતસીંહની શહાદતને ૮૬ વર્ષ પુરા થશે. ભગતસીંહ તેમના માત્ર ૨૪ વર્ષના જીવનકાળ દરમીયાન સૌથી નાની વયના, યુવાન રેશનાલીસ્ટ અને ઘોષીત નાસ્તીક તરીકે દેશને ખુણે-ખુણે પ્રસીદ્ધી પામી ચુકયા હતા. આ માર્ચ મહીનામાં 'શહીદ ભગતસીંહ'ની શહાદતને યાદ કરીને તેમના ક્રાંતીકારી રેશનાલીસ્ટ વીચારોને આજના સંદર્ભમાં રેશનાલીસ્ટ ચળવળને વધુ વેગવાન બનાવવા માટે યાદ કરવા ખુબ જરુરી થઈ પડયા છે.

ભગતસીંહનો જન્મ ૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭માં થયો હતો. તેમની કૌટુમ્બીક પૃષ્ઠભુમી ધાર્મીક હતી. તેમના પીતા ચુસ્ત આર્યસમાજી હતા. તેઓ ભગતસીંહને પુજા-પ્રાર્થના કરવા માટે સદા પ્રોત્સાહીત કરતા, પરંતુ જ્યારે ભગતસીંહે રાષ્ટ્રીય કોલેજમાં પ્રવેશ મેળવ્યો ત્યારે તેમણે ઘરના ધાર્મીક વાતાવરણથી મુકત માહોલ તરફ પહેલો પગ આગળ મુકયો. આ સમય દરમીયાન સમગ્ર દેશમાં અસહયોગનું આંદોલન ચાલી રહયું હતું. સંઘર્ષના દીવસોમાં તેમણે ઈશ્વરના અસ્તીત્વ વીષે તર્કબદ્ધ રીતે વીચારવાનું શરુ કર્યું. ઈશ્વરના અસ્તીત્વ વીષે થોડે ઘણે અંશે એમણે આલોચના કરવાનું શરુ કર્યું, પરંતુ તેઓ તે સમય દરમીયાન સંપુર્ણપણે નાસ્તીક નહોતા થયા. અલબત્ત એમને ધાર્મીક ગ્રંથોમાં લખાયેલી વાતો પર પણ વીશ્વાસ રહયો નહોતો.

આ સમય દરમીયાન દેશ એક તરફ અંગ્રેજોની ગુલામી વેઠી રહયો હતો, અને બીજી તરફ દેશમાં આંદોલનોનો દોર શરુ થઈ ચુકયો હતો. આ આંદોલનોના દોરમાં દેશના યુવાનોને યોગ્ય દીશા આપવા માટે તેમણે ચળવળોની સાથે સાથે તર્કવાદનો રસ્તો અપનાવ્યો, અને વ્યાપક પ્રમાણમાં વાંચન શરુ કર્યું. આ સમય દરમીયાન ભગતસીંહના વીચારો પર કાર્લ માર્કસ, સવીશેષ લેનીન તેમ જ પ્રોતસ્કીના વીચારોની ખુબ ઉંડી અસરો પડી. આ તમામ લોકો નાસ્તીક હતા. તેમને વાંચીને ભગતસીંહ નાસ્તીકતાની સાથે સાથે સામ્યવાદ તરફ પણ ખુબ આકર્ષાયા. ભગતસીંહે ત્યાર બાદ નીરલમ્બ સ્વામીનું પુસ્તક 'સહજજ્ઞાન' પણ વાંચ્યું. તેમાં પણ રહસ્યવાદી નાસ્તીકતા હતી.

૧૯૨૬ સુધી ભગતસીંહ સંપુર્ણપણે નાસ્તીક થઈ ચુકયા હતા. આથી જ તો ભગતસીંહના વીચારો અને કાર્યોને હીન્દુ-શીખ કે અન્ય કોઈપણ ધર્મ સાથે સાંકળીને ન જ જોઈ શકાય.તેઓ કહેતા કે, 'ધર્મશાસ્ત્ર મનુષ્યની દુર્બળતા, અથવા તો એનું જ્ઞાન સીમીત હોવાને કારણે ઉત્પન્ન થાય છે.' વળી સર્વશકતીમાન ઈશ્વર દ્વારા બ્રહ્માંડનું સર્જન વગેરે વાતોને તેઓ કોરી બકવાસ કહેતા થયા. રૂઢીવાદીઓ દ્વારા રાખવામાં આવતા ખોખલા તર્કનો સામનો કરવા માટે ભગતસીંહે ચાર્લ્સ ડાર્વીનનું પુસ્તક 'જીવની ઉત્પત્તી' વાંચ્યું.

ભગતસીંહ કહેતા કે, 'ઈશ્વરની કલ્પનામાં મનુષ્યને ખોટી શાંત્વના મળે છે, જ્યારે નાસ્તીકતા મનુષ્યને આત્મનીર્ભર બનાવે છે. નાસ્તીકતાનો માર્ગ ખુબ મુશ્કેલ છે.' ભગતસીંહ તેમના મીત્રો સાથેની ચર્ચામાં વારંવાર ઉલ્લેખ કરતા કે 'આપણે પ્રાચીન રુઢીગત વીચારોને ચુનૌતી આપવી પડશે. જો પ્રચલીત મતો તર્કનો પ્રહાર ન સહન કરી શકે તો રુઢીવાદી વીચારોના ટુકડેટુકડા થઈ જશે. તર્કવાદનો આધાર લઈને નવા પ્રગતીશીલ સમાજનું પુનઃનીર્માણ થશે.' વધુમાં તેઓ જણાવતા કે, 'જે એવી કલ્પના કરીએ કે સર્વશકતીમાન ઈશ્વરે દુનીયાની રચના કરી હોય તો આજે સમગ્ર દુનીયામાં એક પણ વ્યકતી કેમ સંતુષ્ટ નથી ? આ દુનીયા દુઃખો અને કષ્ટોથી ભરપુર છે. જો કોઈ રુઢીવાદી કહે કે આ તો ઈશ્વરનો નીયમ છે. જો ઈશ્વરને પણ નીયમો લાગુ પડતા હોય તો તે સર્વશકતીમાન નથી. તે પણ સામાન્ય માણસની જેમ જ નીયમોથી બંધાયેલો છે. ઈશ્વર વ્યકતીને તે સમયે કેમ નથી રોકતો જ્યારે તે અન્ય વ્યકતીઓ પર જુલ્મ કરે કે ખોટુ કામ કરે ? અંગ્રેજોની હુકુમત આજે દેશ પર એટલા માટે નથી કે ઈશ્વર ઈચ્છે છે. અંગ્રેજોની પાસે તાકાત છે. શસ્ત્રો છે અને આપણે તેમનો વીરોધ કરવાની હીમ્મત દાખવી શકતા નથી. તેથી મુઠ્ઠીભર અંગ્રેજો આપણા પર રાજ કરે છે. આઝાદી આપણને ઈશ્વરની કલ્પનાથી નહીં,પરંતુ આત્મવીશ્વાસ, શસ્ત્રો બંદુકોથી મળી શકશે.' ક્રાંતીકારી ભગતસીંહે ક્રાંતીની વ્યાખ્યા 'વ્યકતીગત રૂપમાં આત્મખોજ' તરીકે આપી છે, અને તેમાં આત્મખોજ માટે તેઓ તર્કવાદનો સહારો લે છે.

ભગતસીંહ કહેતા કે ઈશ્વરની કલ્પના સત્તાધારીઓની સત્તા ટકાવી રાખવા માટે અને સત્તાધારીઓના સ્થાપીત હીતોની રક્ષા માટે કરવામાં આવી હતી. તેનું ઉદાહરણ આપતા ભગતસીંહ કહે છે કે, 'રાજા વીરુદ્ધ વીદ્રોહને દરેક ધર્મમાં પાપ ગણવામાં આવ્યું છે, પરંતુ જ્યારે પ્રજાએ શોષણની સામે માથું ઉંચકયું છે ત્યારે ત્યારે ધર્મની સત્તા સામે લોકોના આત્મવીશ્વાસની જીત થઈ છે.'

ભગતસીંહ રોજરોજની ઈશ્વરની પ્રાર્થનાને મનુષ્ય માટે સ્વાર્થની વૃત્તીથી કરવામાં આવેલુ કામ માનતા હતા. ભગતસીંહે તર્કવાદ અને નાસ્તીકતાને પ્રાથમીકતા આપીને દેશને નવી દીશા બતાવી. એમણે એમના જીવનમાં આવેલી તમામ વીપદાઓનો બહાદુરીપુર્વક સામનો કર્યો હતો. જ્યારે ભગતસીંહને ફાંસી આપવા માટે લઈ જવામાં આવતા હતા ત્યારે તેઓ કોમરેડ લેનીનનું પુસ્તક વાંચતા હતા. આ પુસ્તક વાંચવાનું અધુરુ રહી ગયું હોવાનો તેમને ખેદ પણ હતો !

આ બહાદુર ક્રાંતીકારીએ દેશની આઝાદીની સાથે સાથે રેશનાલીઝમના વીચારોને ખુબ સારી રીતે જોડયા. દેશને અંગ્રેજોથી આઝાદી અપાવવાની સાથે સાથે પુંજીવાદ, રુઢીવાદી વીચારો અને ઈશ્વરની કલ્પનાથી આઝાદી અપાવવા માટે સંઘર્ષ કર્યો. આજે વીશ્વસ્તરે ચાલતી રેશનાલીસ્ટ ચળવળમાં ભગતસીંહના રેશનાલીઝમ વીષેના વીચારો યુવાઓ માટે ખુબ પ્રેરણાદાયક બની રહે છે.

વર્તમાન સમયમાં જ્યારે દેશમાં કટ્ટરવાદી જમણેરી સંગઠનો અને પુંજીવાદી પક્ષો દ્વારા જાતીવાદ ફેલાવીને અને અન્ય ધર્મો પ્રત્યે નફરત અને ઘ્રુણાનો માહોલ પેદા કરવામાં આવી રહયો છે ત્યારે આ કપરા સમયમાં દેશ અને સમાજની એકતા અને અખંડીતતા જાળવવા માટે વર્તમાન રાજકારણમાંથી ધર્મ અને જાતીવાદના મુદ્દાઓને દુર કરી ભગતસીંહના જીવન અને કવનમાંથી પ્રેરણા લઈને રેશનાલીસ્ટ અને માનવતાવાદી વીચારધારાને પ્રાધાન્ય આપવામાં આવે તો જ માનવસમાજનો રાષ્ટ્રીય અને વૈશ્વીક સ્તરે વીકાસ શકય છે.

ભારત તેમ જ વૈશ્વીક સ્તરે ભગતસીંહ ઉપરાંત બીજા અનેક ક્રાંતીકારીઓના રેશનાલીસ્ટ વીચારોનો પ્રભાવ વ્યાપક રીતે વર્તમાન પરીસ્થીતીમાં સમાજ સુધી પહોંચાડવા અને પ્રચલીત બનાવવા માટે અને સમાજમાં તર્કવાદ વીશે એક ચર્ચા ઉભી થાય તે માટે સત્યશોધક સભા જેવી રેશનાલીઝમના પ્રચાર-પ્રસાર માટે સતત કાર્યરત રહેતી સંસ્થાનું યોગદાન સમાજમાં અમુલ્ય છે. આવનારા સમયમાં વીશ્વને ધાર્મીક અંધશ્રદ્ધા અને તેને કારણે વ્યાપક બનેલી સામાજીક કુરીતીઓથી મુકતી અપાવવી હોય તો તર્કવાદ એટલે કે રેશનાલીઝમ જ એકમાત્ર વીકલ્પ છે.

# ચીંતન કણીકાઓ

* યુવાનને ભ્રષ્ટ કરવાનો સચોટ ઉપાય છે. તેને એ શીખવવું કે જે લોકો તેનાથી ભીન્ન વીચારે છે તેની સરખામણીએ જે લોકો તેના જેવું વીચારે છે તેને વધારે માન આપવું.
* જ્ઞાનમાં મનુષ્યે માત્ર તેના દુશ્મનોને ચાહતા જ નહીં, પણ તેના મીત્રોને નફરત કરતા પણ શીખવું જોઈએ.
* જ્યારે પણ હું ઉપર ચઢું છું ત્યારે અહમ્ નામનો એક શ્વાન મારી પાછળ જ હોય છે.
* આળસ એટલે મનોવીજ્ઞાનનું ઉત્પત્તીસ્થાન.
* શ્રદ્ધા : સાચું શું છે તે નહીં જાણવાની ઈચ્છા.
* જો બધામાં કંઈક ક્ષમ્ય હોય તો, કશુંક નીંદ્ય પણ હોય.
* દુશ્મન વીરુદ્ધનું ઉત્તમ શસ્ત્ર એટલે અન્ય દુશ્મન.
* ભય એ નૈતીકતાની જનની છે.
* સફળતા એ હંમેશાં એક મહાન જુઠાણું રહ્યું છે.
* કોઈ શાશ્વત હકીકતો નથી, કારણ કે નીરપેક્ષ સત્યો નથી.
* હું હજી પણ જીવું છું, હું હજુ પણ વીચારું છું : મારે હજુ પણ જીવવું પડે, કારણ કે મારે હજુ પણ વીચારવું પડે.
* ધાર્મીક મનુષ્યના સંપર્કમાં આવ્યા બાદ મને હંમેશાં એવું લાગે છે કે મારે મારા હાથ ધોવા જ પડશે.
* આત્મહત્યા વીશે વીચારવું એ હમેશાં આશ્વાસનયુકત છે, તે રીતે વ્યકતી ઘણી રાતો ખરાબ કરી શકે
* સ્વર્ગમાં તમામ રસપ્રદ વ્યકતીઓ ગુમ છે.
* ઘણા મનુષ્યો મૌલીક વીચારક તરીકે નીષ્ફળ જાય છે કારણ કે તેમની સ્મરણ શકતી ઘણી સારી હોય છે.
* જ્યારે સો માણસો સાથે ઊભા હોય ત્યારે, તેમાંનો પ્રત્યેક તેનું પોતાનું મગજ ગુમાવે છે અને અન્યનું મગજ પ્રાપ્ત કરે છે.

(જર્મનીના નાસ્તીકવાદના પ્રણેતા ફ્રેડરીક નીત્યાના વીચારો-કર્દમ આચાર્ય સંકલીત 'જીવનદર્શન'માંથી સાભાર)

# ''આત્મા, પુનર્જન્મ અને કર્મનો સીદ્ધાંત''
# (વીજ્ઞાનની દષ્ટીએ)–ગ્રંથાવલોકન

**સમીક્ષા – સુનીલ શાહ** **લેખક–ડૉ. બી. એ. પરીખ**

'સાહીત્ય સંકુલ' દ્વારા પ્રકાશીત આ પુસ્તક કુલ ૧૨ પ્રકરણોમાં વહેંચાયેલું છે. તેમાં સમાવીષ્ઠ વીષય વૈવીધ્ય લેખકના વીશાળ ચીંતન પ્રદેશની ગવાહી પુરે છે. પુસ્તકના 'પ્રાસ્તવીક'માં લેખકે જુદા જુદા ધર્મોના આગવા બંધારણ, મુળભુત સીદ્ધાંતો, નીયમો, માન્યતાઓનો ઉલ્લેખ કરી પરમતત્ત્વના ખ્યાલનું મુળ શું છે તેની અંદર ચર્ચા કરી છે. 'વૈજ્ઞાનીક સમજ એટલે શું ?' એ પ્રકરણમાં ધર્મ આધારીત અભીગમની તથા વૈજ્ઞાનીક અભીગમની રસપ્રદ ચર્ચા કરી બંને વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. આ ઉપરાંત આત્માના ખ્યાલનું મુળ, પુરાણી સંસ્કૃતીઓમાં આત્માનો ખ્યાલ, આત્મા શબ્દનો અર્થ, ફીલસુફીના ક્ષેત્રમાં આત્માની ચર્ચા, ધર્મશાસ્ત્રમાં આત્માનો ખ્યાલ, હીંદુ ધર્મમાં આત્માનો ખ્યાલ, ભારતીય દર્શનોમાં આત્માનો ખ્યાલ, અને આત્માની મરણોત્તર સ્થીતી જેવાં પ્રકરણો દ્વારા આત્માના વીવીધ આયામો-માન્યતાઓના સંદર્ભે આધારભુત માહીતી સાથે વૈજ્ઞાનીક સમજ આપવાનો એમણે સુંદર પ્રયત્ન કર્યો છે.

ડૉ. પરીખ સાહેબે પ્રેતયોની, પ્રેતાત્મા, પ્રેતાત્મા સાથેનો સંપર્ક, શરીર બાહ્ય અનુભવો અને મરણાસન્નના અનેક કીસ્સાઓ-ઘટનાઓનો ઉલ્લેખ કરીને તેની અતાર્કીકતા અને અવૈજ્ઞાનીકતા સમજાવી છે.

પુસ્તકમાં તેમણે પુનર્જન્મના અગાઉ નોંધાયેલા, ખુબ ચર્ચા પામેલા કીસ્સાઓની સત્યતાનું તર્કબદ્ધ દલીલો દ્વારા ખંડન કરીને પુનર્જન્મની માન્યતાઓનું ખુબ સરળ શૈલીમાં વૈજ્ઞાનીક વીશ્લેષણ કર્યું છે.

હીંદુ ધર્મમાં તમામ પ્રકારના કાર્ય-કારણના સંબંધો સમજાવવા માટે કર્મનો સીદ્ધાંત એક મુળભુત પાયાનો સીદ્ધાંત ગણાય છે, અને તે રોજબરોજના વ્યવહારો સાથે બહુ ગાઢ રીતે વીચાર અને વર્તનનું એક અભીન્ન અંગ બની ગયો છે. ત્યારે લેખકે ધર્મ આધારીત કર્મના સીદ્ધાંતની વીભાવના બખુબી સ્પષ્ટ કરીને આ સીદ્ધાંતનું વીવીધ ઉદાહરણો દ્વારા તર્કબદ્ધ વીશ્લેષણ કરી તેની પોકળતા, અવાસ્તવીકતા અને નીરર્થકતા સુપેરે સાબીત કરી છે.

પુસ્તકના પાને પાને ખુબ જ માહીતીપ્રદ, વૈજ્ઞાનીક તથ્યો સહીતની ચર્ચા દ્વારા પરંપરાગત અને રુઢ ધાર્મીક ખ્યાલો વીશે લેખકની નીવડેલી કલમે ઉપયોગી ચીંતન રજુ કર્યું છે.

જુની પરંપરાગત-અજ્ઞાનજનીત માન્યતાઓને આધુનીક વીજ્ઞાન-મનોવીજ્ઞાનના સંદર્ભે તપાસી માનવજીવન આવા ખ્યાલોમાંથી બહાર આવી વધુ સુખી-સમૃદ્ધ થાય, આનંદમય જીવન જીવાય એવા હેતુથી લખાયેલ આ પુસ્તક અભ્યાસુઓ માટે ચોકકસ જ ઉપયોગી સાબીત થવાનું છે. ગુજરાતી ભાષામાં આ વીષય પર ઉંડાણપુર્વકની આધારભુત ચર્ચા કરતું આ પ્રથમ પુસ્તક છે. આથી 'સત્યાન્વેષણ' ના પ્રત્યેક વાચકને મારી અપીલ છે કે તેઓ આ પુસ્તક જરુરથી વાંચે.

**નોંધ :** આ પુસ્તકની કીંમત રૂા. ૧૦૦/- છે. 'સત્યાન્વેષણ'ના વાચકોને તે રૂા. ૮૫/- માં આપવામાં આવશે એ માટે સત્યશોધક સભા C/o. શ્રી શં. ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ૮/૧૩૦૮, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-૩૯૫ ૦૦૧. (ફોન : (૨૬૧) ૨૫૯૦૮૪૭) ને મ. ઓ. કરો.

## ગાગરમાં સાગર

**–જે. પી. મહેતા**

૧. સાધુ બની, તાળીઓ પાડી લાડવા જ ખાવા હતા તો તો, પછી ભણીને ડોકટર, ઈજનેર શું કામ બન્યા ?
૨. સ્ત્રીનું મોઢું ન જોનાર સાધુ શું પુરુષ પેટે જન્મેલો ? તારી જ મા-બહેનનું ઘોર અપમાન !
૩. શયન આરતી પછી પ્રભુને પોઢાડો છો તો રાત્રે વીશ્વની ચોકી કોણ કરશે ?
૪. વીશ્વમાં જ બે નર્ક - અણસમજ ને ગેરસમજ.
૫. મહાતપસ્વી ગણાતા મુની મહારાજોના વળી વરઘોડા હોય ?
૬. બ્રેક નહીં હોય તો કારનું રક્ષણ આગળ ટાંગેલી માતાજી પ્રસાદી ચુંદડી નહીં કરે ?
૭. નમાજ પઢો ત્યારે ઉંટને તંબુ બહાર જરુરથી બાંધજો, કેમ કે ચોરથી, જે નથી તે ખુદા એનું રક્ષણ નહીં કરે !
૮. કરોડો જાપ કરવાથી સામે પડેલી કાંકરી પણ ના ખસે, પણ વીજ્ઞાનદીધી ક્રેન મોટા પથ્થર ખસેડે !
૯. એક પણ યુરોપીયન કદી પર્જન્ય યજ્ઞ નથી કરતો, છતાં સતત વર્ષા કેમ ?

# ચકલી બનાવી દઉં

**–બાબુભાઈ એન. પરમાર**
**99094 63344**

સને ૧૯૮૬માં કચ્છ જીલ્લાના નાની અરલ ગામમાં પ્રાથમીક શીક્ષક તરીકે હું ૩૨૫ રુપીયા ફીકસ પગારમાં નોકરી કરતો. તે સમયે હું ખુબ જ ધાર્મીક. એક દીવસ ઘરે એક બાવો આવ્યો. હું ૨૫ પૈસા આપવા લાગ્યો તો બાવાએ ૨૫ પૈસા લેવાની ના પાડી. (તે સમયે ૫-૧૦ પૈસાનું પણ ચલણ હતુ) અને મને કહ્યું, 'મૈં હાજીપીર સે આતા હું, પાંચ રુપયે સે કમ નહીં લેતા.' મેં બાવાને વીનવણી કરી. કહ્યું કે, 'તમે તો સાધુ છો. સાધુ એટલે સંતોષ હોય. કોઈ કંઈ આપે કે ન આપે તમો દુ:ખ ન લગાડો. તમારે તો દુ:ખી લોકોને મદદ કરવાની હોય.' બાવો અડધું  હીન્દી અડધુ ગુજરાતી બોલીને મને ધમકાવવા લાગ્યો કે 'પાંચ રુપીયાથી ઓછા નહીં લઉં, અને તે લીધા વગર જઈશ નહીં, તમાશાને તેડું ન હોય. બાવાને જોઈને આજુબાજુથી ઘણા લોકો ભેગા થઈ ગયા. વાત જાણી. મને પાંચ રુપીયા આપી દેવા સલાહ આપી. મેં આપવાની ના પાડી, તો એક-બે વ્યકતી મારી વતી પોતે પાંચ રુપીયા આપવા તૈયાર થઈ, તે પણ પાછા ન લેવાની શરતે, પણ મેં આપવાની જ ના પાડી. બાવાએ ગુસ્સે થઈને મને ચકલી બનાવી દેવાની ધમકી આપી. મેં, 'એક પણ પૈસો નહીં મળે, તારાથી થાય તે કરી લે. હવે તારામાં તાકાત હોય તો ચકલી બનાવી દે.' ચકલી બનાવ્યા પછી ઘરમાં પૈસા તેમ જ બધો સામાન પણ લઈ જવાની છુટ આપી. પહેલા ચકલી બનાવી દે વાળી શરત મુકી. થોડી વારે ઝોળીમાંથી થોડા અડદના દાણા કાઢી મોં આગળ રાખી હોઠ ફફડાવ્યા. અડધો કલાક એક પગે ઉભો રહ્યો. મને  બતાવી દેવા ધમકી આપી. થોડી વાર પછી દાણા ઘર ઉપર ફેંકી પગ પછાડી ચાલતો થયો. આજબાજુના લોકો ખુબ જ ગભરાઈ ગયા. વહેમાઈ ગયા કે બાવાની મંત્રશકતીથી અમને કંઈક થઈ જશે. બાવાએ મુઠ મારી છે. ખાનગી રીતે સતત ચાર દીવસ સુધી મારી બરાબર રીતે વોચ રાખી. મારે માટે ખુબ જ તકેદારી રાખી. ચાર-પાંચ દીવસ બાદ એમણે હાશકારો અનુભવ્યો કે આમને કંઈ થયું નહીં, સલામત છે. પછીથી મને જાણવા મળ્યું કે આ બાવાએ દરેક ઘરેથી ૫-૧૦-૨૫ રુપીયા આ રીતે પડાવેલ હતા. બધા વહેમ-ડરના માર્યા પૈસા આપી દેતા. તેમને પણ પોતે છેતરાયા હોવાનો અહેસાસ થયો. આ બનાવ મારા રેશનાલીસ્ટ બનવા માટેનું મહત્ત્વનું સોપાન બની ગયો.

# કર્મફળનો સીદ્ધાંત

–પ્રવીણ ગઢવી, ગાંધીનગર

વેદાંતીઓ કર્મફળના સીદ્ધાંતને જાણે તે કોઈ મહાન વૈજ્ઞાનીક ગુરુત્વાકર્ષણના સીદ્ધાંત જેવો હોય તેવો દેખાડો કરે છે, અને ગણીતશાસ્ત્રીની જેમ ગણીતમાં પ્રમેયના અંતે ઈતી સીદ્ધમ્ કરે છે. વેદમાં કર્મફળનો સીદ્ધાંત નથી. સ્વર્ગ-નર્ક કે મોક્ષ નથી. આર્યો વાસ્તવવાદી હતા. પોતાનું જીવન સુખ, શાંતી અને સમૃદ્ધીથી સભર રહે એટલી જ એમની પ્રાર્થના પ્રાકૃતીક દેવો ઈન્દ્ર વગેરેને હતી. બાકી સોમ-સુરા અને દ્યુતક્રીડામાં વ્યસ્ત-મસ્ત રહેતા !

છાંદોગ્ય ઉપનીષદમાં પહેલીવાર કર્મ અને ફળની વાત આવે છે. સારાં કર્મોનું સારું ફળ મળે અને ખરાબ કર્મોનું ખરાબ ફળ મળે. તે પછી પુરાણોમાં આ ખ્યાલ વધુ વીકસે છે, અને સારાં કર્મો કરનાર તેમ જ તપ, ઉપવાસ, વ્રત કરનારને સ્વર્ગ મળે છે, દુષ્ટ લોકોને નર્ક મળે છે, અને તપસ્વીઓને મોક્ષ મળે છે. જો કે મોક્ષનો ખ્યાલ જૈન અને બૌદ્ધ દર્શનનો છે.

ગીતામાં કર્મફળનો સીદ્ધાંત પુર્ણ વીકસે છે. ગીતા ઉપનીષદો અને ષટ્દર્શનોની સંહીતા છે. કહો કે વીચારોનો ખીચડો છે ! એમાં જ્ઞાન, કર્મ, ભકતી એમ ત્રણેય ધારાનો મહીમા છે. કર્મનું ફળ અહીં જ મળે છે અને વધુ કર્મો ભેગાં થાય તો સ્વર્ગ કે નર્ક મળે છે. સદ્કર્મો કરનારને ફરીથી મનુષ્ય અવતાર મળે છે. અન્યથા પશુ અને શુદ્ર તરીકે જન્મે છે. આમ કર્મ અને પુનર્જન્મનો સીદ્ધાંત ગીતામાં દઢીભુત થયો છે, અને પુરાણોમાં વધુ વીકસ્યો છે. અવતાર અને પુનર્જન્મના ખ્યાલો સનાતન ધર્મમાંથી જૈન બૌદ્ધ દર્શનોમાં ગયા કે ત્યાંથી સનાતન ધર્મમાં આવ્યા તે કહેવું મુશ્કેલ છે. બન્નેએ એકબીજાનું અનુકરણ કર્યું છે. પુનર્જન્મનો વીચાર વેદ કે ઉપનીષદમાં પણ જોવા મળતો નથી. ગાંધીજી પુનર્જન્મના સીદ્ધાંતને હીન્દુ ધર્મનું મહત્વ અંગ માનતા હતા, પરંતુ ખરેખર તે સીદ્ધાંત બહુ પાછળથી જૈન-બૌદ્ધમાંથી આવ્યો હોય તેમ જણાય છે.

પુનર્જન્મને કોઈ વૈજ્ઞાનીક આધાર નથી. ગત જન્મ યાદ આવ્યો હોવાના ગપગોળા સાંભળવા જરુર મળે છે.

એવી જ રીતે કર્મના સીદ્ધાંત મુજબ વાસ્તવમાં બનતું નથી. આખલાઓ ખેતર ચરી જાય છે અને ગાયો ભૂખે મરે છે ! સદ્‌કર્મી જીવનભર દુઃખી રહે છે અને દુષ્કર્મી ગાડી, બંગલા, વીમાનોમાં, ફાઈવ સ્ટાર હોટલોમાં અને રીસોર્ટોમાં લીલા લહેર કરે છે. હા, કયારેક સુબ્રતો મુખરજી જેવા કાયદાની ચુંગાલમાં આવી જાય તો જેલ ભોગવે છે, અને વીજય માલ્યા જેવાને દેશ છોડી ભાગી જવું પડે છે. સત્યમેવ જયતે કહેવાય છે, પરંતુ બહુધા તો, અસત્યનો જય થાય છે !

પુનર્જન્મ અને કર્મનો સીદ્ધાંત એક પ્રકારે ગપગોળા જ છે, અને રુષી મુનીઓએ માણસ નૈતીક બને તે માટે તેનામાં ડર પેદા કરવા નર્કની કલ્પના કરી હશે. મોટા ભાગના અવાસ્તવીક એવા નર્કથી ડરે છે, પરંતુ અહીંની જેલથી ડરતા નથી ! એમને મન જેલ અને મહેલ સરખા હોય છે, અને ઘણીવાર જેલમાં મહેલની સગવડ ભોગવે છે ! ભોળા ધર્મગુરુઓ અને ગરીબ લોકોની ખરે જ દયા આવે છે !

---

## ‘રમણભ્રમણ સુવર્ણ ચંદ્રક’થી વીભુષીત થયેલ પ્રખર રેશનાલીસ્ટો

| વર્ષ | નામ | વર્ષ | નામ |
|---|---|---|---|
| ૧૯૯૭ | બાબુભાઈ દેસાઈ | ૨૦૦૯ | ઈન્દુકુમાર જાની |
| ૧૯૯૯ | અબ્દુલ વકાની | ૨૦૧૦ | માધુભાઈ કાકડીયા |
| ૨૦૦૦ | સીદ્ધાર્થ દેગામી | ૨૦૧૧ | મુકુંદ સીંધવ |
| ૨૦૦૧ | ચતુરભાઈ ચૌહાણ | ૨૦૧૨ | ગુણવંત ચૌધરી |
| ૨૦૦૨ | સુર્યકાન્ત શાહ | ૨૦૧૩ | જે. પી. મહેતા |
| ૨૦૦૪ | અશ્વીન કારીઆ | ૨૦૧૪ | ઉત્તમ પરમાર |
| ૨૦૦૫ | એન. વી. ચાવડા | ૨૦૧૫ | જેરામ દેસાઈ |
| ૨૦૦૭ | ગુલાબદાસ ભેડા | ૨૦૧૬ | પ્રેમજી સુમેસરા |
| ૨૦૦૮ | વલ્લભભાઈ ઈટાલીયા | ૨૦૧૭ | જયંત પંડયા |

## કેમોથેરાપી એક કુદરતી ઉપચાર છે !

અઢારમી-ઓગણીસમી સદી સુધી કોલેરા, ટાઈફોઈડ, ક્ષય અને ડીપ્થેરીયા સમગ્ર વીશ્વમાં દર વર્ષે લાખો માણસોને મારી નાંખતા હતા. પૌલ એન્ટીલ્ચ (૧૮૫૪-૧૯૧૫) એ વીચાર્યું કે શરીરમાં રોગ પેદા કરતા બેકટેરીયાને મારી નાંખવામાં આવે તો પણ દર્દીના શરીરના અન્ય તંદુરસ્ત અંગોને આંચ નહીં આવે તેવાં રસાયણો શોધવા જોઈએ. અનીંદ્રાના અને સીફીલીસ રોગ નીવારણ માટે એન્ટીલ્ચ એવા રસાયણો (દવા) શોધી શકયા. શરીરની જે કુદરતી રક્ષા વ્યવસ્થા છે તે જ રોગ પેદા કરતા બેકટેરીયાને મારી નાંખે તેવી પદ્ધતી પણ એમણે શોધી. કેન્સરની સુશ્રુષામાં એલોપથી હેઠળ જે Chemotherapy-કેમોથેરાપીનો ઉપયોગ થાય છે તે Chemicals-રસાયણોના Chemo ને થેરાપી સામે જોડી નવો શબ્દ બનાવવામાં આવ્યો છે. આ થેરાપી શરીરની કુદરતી રક્ષા વ્યવસ્થાને આખા શરીરમાંના રોગજનક બેકટેરીયાને મારી નાંખવા સશકત બનાવે છે. ટુંકમાં એલોપથીનો મુળભુત અભીગમ સમજવા માટે સામાન્ય નાગરીકે ઉત્સુકતા રાખવી જોઈએ.

### વાંચો


| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦/- | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારાની ભીતરમાં રૂા. ૩૦/- (ગુજરાતીમાં પણ) | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦/- | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦/- | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫/- | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫/- | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦/- | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂ. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2016-2018




(વીગત માટે જુઓ પાના નં. – ૨૦)

માલિક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ